# ગુણાતીત કુલસકલના ભવ્ય ઘડવૈયા
# બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીને અનંત કોટિ
# ભક્તિભીનાં હૃદયવંદન !





**શ્રી** અક્ષરપુરુષોત્તમ ઉપાસના જેનો જીવનમંત્ર છે, જ્યાં દૃષ્ટિમાં નિર્દોષભાવનાં અમૃત છે અને હૃદયમાં સુહૃદભાવની ગંગા છે, જ્યાં ગુરુરૂપ પ્રગટ હરિની પ્રસન્નતા જીવનધ્યેય છે ને સદા સર્વ માટે કલ્યાણમંગલની પ્રાર્થના અવિરત વહે છે તેવા દિવ્ય ગુણાતીત સમાજના ભવ્ય ઘડવૈયા બ્રહ્મવિદ્ બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીને પ્રાકટ્યમંગલે ભક્તિભીના હૃદયનાં અનંત કોટિ વંદન છે, સાષ્ટાંગ પ્રણામ છે !

શ્રી દાદુભાઈ નાથાભાઈ પટેલ – આપણા સૌના ગુરુહરિ કાકાશ્રી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના રૂપ મૂળ અધ્યાત્મધારાની એક મહાન વિરલ વિભૂતિ!

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મહાપ્રવર્તનના ઇતિહાસમાં શિરોમણિ બ્રહ્મવિભૂતિ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુહરિ યોગીજી મહારાજની અંતરંગ આધ્યાત્મિક રુચિ, રહસ્ય અને અભિપ્રાયને જાણનારા અને તદ્ છતાં કલ્પનાતીત દાસત્વભક્તિએ યુક્ત નિર્દોષભાવે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના દિવ્ય કાર્યના વાહક કાકાશ્રીના યુગકાર્યનું મહાદર્શન આવનારા કાળખંડમાં હજુ વધુ અને વિશેષ થશે.

આ પૃથ્વી પર મનુષ્યના અસ્તિત્વનાં મુખ્ય બે પરિમાણો છે: એક સ્થૂળ શારીરિક અસ્તિત્વ, અને બીજું, સૂક્ષ્મ અસ્તિત્વ; જે મનુષ્યની માન્યતા, અભિગમ, સન્માન અને અસ્મિતાથી ઘડાતું–પોષાતું હોય છે. ઉપરછલ્લી દૃષ્ટિએ મનુષ્ય શરીરમાં પ્રાણ હોવાને અસ્તિત્વનું હોવું કહેવાતું છતાંય, આપણા અનુભવ અનુસાર મનુષ્યના સૂક્ષ્મ અસ્તિત્વનાં પ્રભાવ, મહત્તા અને પોષણ અનિવાર્યપણે વિશેષ મહત્ત્વ ધરાવે છે, અને બહુધા મનુષ્યના સ્થૂળ અસ્તિત્વને ઘેરી અને ગંભીર અસર પણ કરે છે.

ગુરુહરિ કાકાશ્રીએ પોતાના સ્થૂળ દેહરૂપી અસ્તિત્વને તો ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુહરિ યોગીજી મહારાજના અનન્ય દાસ રૂપે સમર્પિત કર્યું જ; પરંતુ, યોગીજી મહારાજના સંકલ્પમાં, તેઓની અંતરંગ રુચિ અને અભિપ્રાય અર્થે પોતાના સૂક્ષ્મ અસ્તિત્વનું પણ સહજ વિસર્જન કરી દીધું ! અને એ વિસર્જનમાંથી જે અનુપમ સર્જન થયાં તે ભાગવતી દીક્ષાધારી સંતો, બહેનો, એકાંતિક ગૃહસ્થો અને આધ્યાત્મિક ઇતિહાસમાં અજોડ એવા વ્રતધારી ભગવાહૃદયી યુવા સંતો–સાધકો! આ દિવ્ય ચાર પાંખાળા ગુણાતીત સમાજના મૂળમાં યોગીજી મહારાજના દર્શનમાં વિસર્જિત કાકાશ્રી છે.

બારમી જૂન – બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીનો પ્રાગટ્યમંગલ દિન ! એક શતાબ્દી પૂર્વે આ દિવસે કાકાશ્રીના દેહસ્વરૂપે પ્રભુની પરમ શક્તિ, એક દિવ્ય તત્ત્વ આ પૃથ્વી પર એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિના વાહક અને પોષક રૂપે પ્રાદુર્ભાવ પામ્યું! અનેક અર્થમાં, તેથી, બારમી જૂન એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિ દિવસ છે, મહામંગલમય અને કલ્યાણકારી છે. આમ પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે વૈશાખ મહિનો, શ્રી ગુણાતીત સમાજના ઇતિહાસમાં જૂન/વૈશાખ મહિનો અનેક યુગકાર્યનાં બીજ–રોપણનો મહિનો છે, મહિમાવંત મહિનો છે. અને પછી તો, પ્રાર્થના રૂપે અષાઢ–શ્રાવણ–ભાદરવો વરસે છે ને એ યુગકાર્યનાં બીજ અંકુરિત થઈ આજે ફળદાયી ભવ્ય વૃક્ષરૂપે પાંગર્યાં છે. એના રૂડા ને અક્ષુણ્ણ ઇતિહાસ લખાશે. અને એ લખાશે ત્યારે ગુરુહરિ કાકાશ્રીને એ ઇતિહાસ પણ અશ્રુભીની આંખે ભક્તિસભર અંજલિ–વંદના ધરશે ! ◆

~ ડૉ. મનોજ સોની